દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫

# ‘બેટલ ઓફ ગલવાન’ સામેનો ચીનનો રોષ વાંઝિયો પુરવાર થશે

તાજેતરમાં સલમાન ખાનના વૉર ડ્રામા ‘બેટલ ઓફ ગલવાન’નું ટીઝર સલમાનના ૬૦મા જન્મદિન નિમિત્તે બહાર પડ્યું છે. આ ફિલ્મ ૨૦૨૦ના ગલવાન સંઘર્ષ પર આધારિત છે. હજી તો ફિલ્મ રિલિઝ થઇ નથી, તેનું ટીઝર બહાર પડ્યું છે અને ચીન ધુઆંપુઆં થઇ ગયું છે. ટીઝર પર ચીન તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી છે, અને તેના સરકારી મીડિયાએ દાવો કર્યો છે કે આ ફિલ્મ તથ્યોને વિકૃત કરીને રજૂ કરે છે. સલમાન ખાન અભિનીત આ ફિલ્મ 2020માં પૂર્વી લદ્દાખના ગલવાનમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી અથડામણ પર આધારિત છે.

‘બેટલ ઓફ ગલવાન’ ફિલ્મ અપૂર્વ લાખિયા દ્વારા દિગ્દર્શિત છે. ફિલ્મમાં, સલમાન ખાન 16મી બિહાર રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા ભજવે છે, જે ચીનના પીપલ્સ લિબરેશન આર્મી (PLA) સૈનિકોની ઘૂસણખોરી સામે લડતા મૃત્યુ પામ્યા હતા. ચીનના સરકાર સંચાલિત અખબાર, ગ્લોબલ ટાઇમ્સમાં એક લેખમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ફિલ્મમાં દર્શાવવામાં આવેલી જૂન 2020 ની અથડામણની ઘટનાઓ વાસ્તવિકતા સાથે મેળ ખાતી નથી. કહેવાતા નિષ્ણાતોને ટાંકીને, આ અહેવાલમાં ‘બેટલ ઓફ ગલવાન’ને ‘ઓવર-ધ-ટોપ’, હદ વગરની અતિશયોક્તિ ભરેલી ફિલ્મ તરીકે ફગાવી દેવામાં આવી છે, સંતોષ બાબુની બલિદાન બહાદુરીને પણ હળવાશથી લેવાનો પ્રયાસ ચીન દ્વારા કરવામાં આવ્યો છે. ગ્લોબલ ટાઇમ્સના લેખમાં દાવો કરવામાં આવ્યો છે કે, બોલીવુડ ફિલ્મોમાં મહત્તમ મનોરંજન પ્રેરિત, ભાવનાત્મક રીતે ભરપૂર ચિત્રણ પૂરું પાડવામાં આવે છે, પરંતુ કોઈપણ પ્રકારની સિનેમેટિક અતિશયોક્તિ ઇતિહાસને બદલી શકે નથી અથવા ચીનના સાર્વભૌમ પ્રદેશનું રક્ષણ કરવાના પીએલએના નિશ્ચયને હચમચાવી શકે નહીં. ગ્લોબલ ટાઈમ્સના લેખમાં ખોટો દાવો કરવામાં આવ્યો છે કે ગલવાન ખીણ વાસ્તવિક નિયંત્રણ રેખાની ચીનની બાજુમાં સ્થિત છે. તે જૂન ૨૦૨૦ માં થયેલી અથડામણની જવાબદારી ભારત પર મૂકે છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય સૈનિકોએ LAC પાર કરી હતી અને લડાઇ ઉશ્કેરી હતી.

બેટલ ઓફ ગલવાનની ચીની મીડિયાએ કરેલી ટીકાને ભારત સરકાર અને બોલીવુડના ફિલ્મ નિર્માતાઓએ અયોગ્ય ગણાવીને તેની ઝાટકણી કાઢી છે. ફિલ્મ નિર્માતા અશોક પંડિતે કહ્યું છે કે તે મૂળભૂત રીતે એક પ્રકારની અસુરક્ષા છે જે ગ્લોબલ ટાઇમ્સ અનુભવે છે. અભિનેતા અને નિર્માતા રાહુલ મિત્રાએ પણ આ વિવાદ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે ગ્લોબલ ટાઇમ્સની પ્રતિક્રિયા આશ્ચર્યજનક નહોતી, કારણ કે તે સરકારી મુખપત્ર છે. અપૂર્વ લાખિયા અને સલમાન ખાન જેવા લોકો, તેઓ જાણીતા નામો છે; મને નથી લાગતું કે તેઓ ફક્ત ફિલ્મ બનાવવા માટે હકીકતોને વિકૃત કરવા માટે કંઈપણ બનાવશે એમ મિત્રાએ કહ્યું હતું. સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે ફિલ્મમાં સરકારની કોઈ ભૂમિકા નથી અને જેમને ફિલ્મ અંગે ચિંતા છે તેઓ સ્પષ્ટતા માટે ભારતના સંરક્ષણ મંત્રાલયનો સંપર્ક કરી શકે છે. તેમણે કહ્યું કે ભારત એક એવો દેશ છે જ્યાં અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. જો કે દેશમાં કેટલાક બનાવોમાં સરકારનું વર્તન આનાથી વિપરીત પણ જણાયું છે, પરંતુ તે જુદો વિષય છે. હાલ તો એટલું કહીએ કે બેટલ ઓફ ગલવાન સામેના ચીનના બખાળાઓથી કંઇ ફેર પડવાનો નથી.

## ભૂખનું કરજ



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

સ્કૂલમાં જ્યારે બપોરે રીસેસ પડતી ત્યારે, બધા છોકરાઓ ટીફીન લઈને જમવા બેસતા અને એક પાતળો દુબળો છોકરો આંખ નીચી રાખીને ધીમેથી સ્કૂલની બહાર નીકળી એક ખૂણામાં ફૂટપાથ પર બેસી જતો ,અને પછી રીસેસ પૂરી થતા સ્કૂલમાં જતો રહેતો.તે આવું કેમ કરતો હતો કારણ કે તેની મા ઘરે બીમાર હતી અને તેની પાસે ટીફીન ન હતું...તે ભૂખ્યો ફૂટપાથ પર બેસી રહેતો. ફૂટપાથની સામે એક નાનકડી છોલે કુલચેની લારી હતી, લારીવાળો બેત્રણ દિવસથી આ છોકરાને રીસેસમાં આમ બેસેલો જોતો, આજે ફરી રીસેસ પડી અને છોકરો બહાર આવીને ફૂટપાથ પર બેસી ગયો...લારીવાળો એક પ્લેટમાં છોલે કૂલચે લઈને તેની પાસે ગયો અને તેને આપ્યા...છોકરાને બહુ ભૂખ લાગી હતી એટલે તેને તરત જ ખાઈ લીધા...પછી તો રોજ તે રીસેસમાં બહાર આવતો અને રોજ લારીવાળો તેને પ્રેમથી છોલે કુલચે આપતો તે ખાઈને સ્કૂલમાં અંદર જતો. એક દિવસ છોકરાએ પૂછ્યું, ‘તમે મને રોજ ખવડાવો છો તમને એવું નથી લાગતું કે એકવાર આપ્યું તો આ છોકરો તો રોજ આવી જાય છે?’લારીવાળો બોલ્યો, ‘બેટા ,મને ભૂખ શું છે તેની ખબર છે.હું નાનો હતો ત્યારે મા મજુરી કરતી સવારે મને ચા સાથે એક સુકો રોટલો ખવડાવી શાળાએ મોકલતી, બપોરે રીસેસમાં ખાવા મારી પાસે ટીફીન ન હોવાથી હું ભૂખ્યો બધાને જોતો રહેતો અને મા આખો દિવસ મજુરી કરતી જે મજુરી મળતી તેમાંથી અમે મા દીકરો જમતા એટલે ભૂખની કિંમત મને ખબર છે.તને જોઇને મને મારું બાળપણ અને મારી મા યાદ આવે છે. તું પ્રેમથી ખા દીકરા, ઘરે કોઈ તકલીફ છે?’ છોકરો રડવા લાગ્યો, બોલ્યો, ‘મારી મા બીમાર છે અને કામ પર જઈ શકતી નથી અને અમારું કોઈ નથી.’ લારીવાળાએ કહ્યું, ‘મા સજી થાય ત્યાં સુધી તું રોજ અહીં જ આવજે.’ વર્ષો વીત્યા એ જ સ્કૂલની બહાર લારીની સામે એક કાર આવીને ઉભી રહી અને સુટ-બુટ પહેરેલા બિઝનેસમેન લારીવાળા પાસે જઈને તેને પગે લાગ્યો. લારીવાળાને નવાઈ લાગી તે બે ડગલા પાછળ ખસી ગયો. બિઝનેસમેને કહ્યું, ‘ચાચાજી મને ઓળખ્યો?? હું એ છોકરો છું જે ભૂખ્યો આ ફૂટપાથ પર બેસતો હતો અને તમે તેને રોજ મા બની છોલે કુલચે ખવડાવ્યા હતા.’લારીવાળો તેને જોતો રહ્યો જાણે યાદ કરવાની ઓળખવાની કોશિશ કરતો હોય. આટલું બોલી બિઝનેસમેને તેના હાથમાં પૈસા ભરેલી બ્રિફકેસ મૂકી કહ્યું, ‘મારા તરફથી નાનકડી ભેટ.’ લારીવાળાએ કહ્યું, ‘દીકરા પૈસાની કોઈ જરૂર નથી,ભૂખનું કરજ તો તે મને યાદ રાખીને અહીં આવીને મને પગે લાગીને ઉતારી દીધું.બસ મોટું મન રાખી તું પણ ભુખ્યાઓની મદદ કરતો રહેજે’લારીવાળાનું ઉદાર મન અને ઉંચી સમજને બિઝનેસમેને ફરી પ્રણામ કર્યા

# શું મુંબઈની ચૂંટણી મરાઠી ગૌરવ પર લડાશે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

શિવસેના-યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ ભય વ્યક્ત કર્યો છે કે, ભાજપ તેમના પક્ષને ખતમ કરવા અને મુંબઈને હડપવાના મિશન પર છે. તેમણે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની આગામી ચૂંટણીઓને રાજ્યની રાજધાનીના આત્મા માટેની લડાઈ તરીકે વર્ણવી છે. તેમણે તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) સાથેના જોડાણને મરાઠી લોકોના કલ્યાણ માટે એક જરૂરી પગલું ગણાવ્યું છે.

15 જાન્યુઆરીએ યોજાનારી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ભાજપ માટે પોતાની સર્વોપરિતા સ્થાપિત કરવા માટેની લડાઈ હોવાની અપેક્ષા છે. ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેનાનાં બે જૂથો - તેમના પાયા મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. કોંગ્રેસ માટે તે અસ્તિત્વનો પ્રશ્ન છે. પરંતુ બધા જાણે છે કે સાત દાયકામાં મુંબઈનું ચરિત્ર અને વસ્તીવિષયક પરિસ્થિતિમાં ધરખમ ફેરફાર થયો છે. મરાઠીભાષી વસતીમાં ઘટાડો થયો છે અને હિન્દી અને અન્ય ભાષા બોલનારાંઓમાં વધારો થયો છે. બિન-ઈસ્લામિક દેશમાં સૌથી વધુ મુસ્લિમ વસતી મુંબઈમાં છે. લગભગ 17-18 ટકા મતદારો મુસ્લિમ છે. હકીકતમાં, હિન્દીભાષી વસતી પહેલાથી જ મરાઠીભાષી વસતીને વટાવી ચૂકી છે અથવા કદાચ વટાવી જશે.

મુંબઈમાં આજે વસતીના ત્રીજા ભાગથી વધુ લોકો કોઈ એક ભાષાને માતૃભાષા તરીકે બોલતા નથી, જે તેના ગ્લોબલ ઈમેજને બતાવે કરે છે. રાજકીય પક્ષના અંદાજ મુજબ, મરાઠીભાષી વસતી હવે 30 ટકા હોઈ શકે છે, જે હિન્દીભાષી વસતીની ખૂબ નજીક છે. માહિતી એ પણ દર્શાવે છે કે, સમય જતાં મરાઠીઓનું વર્ચસ્વ ઘટ્યું છે. 2011ની વસતીગણતરી દર્શાવે છે કે મરાઠીઓ 35.9 ટકા છે. હિન્દીભાષીઓ 22.9 ટકા, ઉર્દૂભાષીઓ 13.5 ટકા અને ગુજરાતીભાષીઓ 11 ટકા હતા, અન્ય ભાષાઓ ઓછી સંખ્યામાં બોલાતી હતી. 1951ની વસતીગણતરીમાં નોંધ્યું હતું કે, મુંબઈની વસતીમાં મહારાષ્ટ્રિયનો 43.6 ટકા હતાં.

આ શહેર ૩૬૫ વર્ષ પહેલાં રચાયું હતું. શરૂઆતનાં ૨૦૦ વર્ષ સુધી તે વેપારીઓનું નગર હતું. ભારત અને બહારથી વિવિધ ભાગોથી ઘણા વેપારીઓ શહેરમાં આવ્યા અને ત્યાં સ્થાયી થયા: હિન્દુ ગુજરાતીઓ, કોંકણી મુસ્લિમો, જૈનો, પારસીઓ, મુસ્લિમ ખોજાઓ, બોહરાઓ, મેમણો, વગેરે. શહેરનો વિકાસ એ તેને બદલવાની પહેલી ઘટના હતી. જો કે, એક વસ્તુ જે સ્થિર રહી છે તે છે સ્થળાંતર. ૧૯૬૦માં શહેર મહારાષ્ટ્ર સાથે જોડાયા પછી શહેરનો ૫૦ ટકા ભાગ મરાઠીભાષી હતો. ‘ભૂમિપુત્ર’નો મુદ્દો ‘મરાઠી માનુષ’માટે રોજગાર તરીકે ઊભરી આવ્યો.

**ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેનાનાં બે જૂથો - તેમના પાયા મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે કોંગ્રેસ માટે આ ચૂંટણી અસ્તિત્વનો સવાલ છે**

આ રીતે ૧૯૬૬માં શિવસેનાનો જન્મ થયો, જ્યારે બાલ ઠાકરેએ ‘બહારનાં લોકો’ સામે ઝુંબેશ ચલાવી હતી. શરૂઆતના દિવસોમાં શિવસેના, જે એક રાજકીય પક્ષ કરતાં વધુ સામાજિક સંગઠન હતી, તે સામ્યવાદીઓ સાથે સીધી લડાઈમાં હતી. પરંતુ ૭૦ના દાયકા સુધીમાં સામ્યવાદીઓનો પ્રભાવ ઓછો થતો ગયો અને ૧૯૮૦ના દાયકામાં શિવસેના એક મહત્ત્વપૂર્ણ રાજકીય પક્ષ તરીકે ઊભરી આવી. આ સમયગાળા દરમિયાન, કાપડ મિલોમાં યુનિયન હડતાળ સામાન્ય હતી. મિલોના માલિકો બિન-મરાઠીઓ હતા, પરંતુ કામદારો નીચલા-મધ્યમ વર્ગનાં મરાઠી લોકો હતાં. ૧૯૮૦ના દાયકામાં મિલો બંધ થતાં મધ્ય મુંબઈની ચાલમાં રહેતા ‘મરાઠી માનુષ’ બેરોજગાર થઈ ગયા. મિલોએ ખાલી કરેલી જગ્યાઓ મોલમાં રૂપાંતરિત થઈ ગઈ અને આ વિસ્તારમાં એક વ્યાપારી નગરી ખીલવા લાગી. પરિવારોનો વિસ્તાર થયો ‘મરાઠી માનુષ’એ શહેરની સીમાની બહાર જઈને સ્થાયી થવું પડ્યું.

૧૯૯૦ના દાયકામાં અર્થતંત્ર ફરી ખૂલવા લાગ્યું તેમ મુંબઈની ઓળખ ઔદ્યોગિક કેન્દ્રથી બદલાઈને નાણાંકીય કેન્દ્ર તરીકે થઈ ગઈ. શહેરમાં વિવિધ આર્થિક તકો ખૂલી અને શહેરમાં લોકોનો પ્રવાહ ઝડપથી વધવા લાગ્યો. જેમ જેમ નોકરીનું માળખું બદલાયું તેમ તેમ સ્થળાંતરનો પ્રકાર પણ બદલાયો. આનાથી મતદાન પેટર્ન અને રાજકીય જોડાણો પર ભારે અસર પડી. આ પરિવર્તનોને સંબોધવા માટે પક્ષોને તેમની વ્યૂહરચનાઓ અપનાવવાની ફરજ પડી હતી. આ વર્ષે સ્પર્ધાએ વધુ નવાં પરિમાણો લીધાં છે. મુખ્ય દાવેદાર શાસક મહાયુતિ ગઠબંધન છે, જેમાં એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના અલગ થયેલા સેના જૂથ અને ભાજપનો સમાવેશ થાય છે.

આ સંદર્ભમાં કમજોર પડેલું ઠાકરે પરિવાર પ્રાદેશિક સમર્થનને મજબૂત કરવા માટે ‘મરાઠી માનુષ’ના મુદ્દા પર પ્રચાર કરી રહ્યા છે. ભાજપ, જે એક સમયે શિવસેનાનો જુનિયર ભાગીદાર હતો, તેણે શહેરમાં જબરજસ્ત વૃદ્ધિ જોઈ છે અને તે હવે એક એવી પાર્ટી બની ગઈ છે જેને પહેલાં ફક્ત વેપારી વર્ગનો ટેકો મળતો હતો, પરંતુ હવે તેનો વોટ બેઝ ઘણો મોટો થઈ ગયો છે. ૨૦૧૭ની નગર નિગમ ચૂંટણીમાં તેનો ૮૨નો આંકડો અવિભાજીત શિવસેનાના ૮૪થી ફક્ત બે સીટ ઓછો હતો, જ્યારે કોંગ્રેસ ૩૧ સાથે ત્રીજા ક્રમે હતી. તેનાથી એ પણ સંકેત મળ્યો કે, બે દાયકાથી વધુ સમયથી મહાનગરમાં શિવસેનાની નિર્વિવાદ બાદશાહત હવે ભાજપની પહોંચમાં આવી ગઈ છે. ભાજપના મજબૂત વિકાસ પાછળ ત્રણ મુખ્ય પરિબળો છે. એક છે મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો પ્રભાવ, પાર્ટીની અલગ-અલગ સમુદાયો સુધી પહોંચવાની ક્ષમતા, જેથી મરાઠી-કેન્દ્રિત રાજકારણનો સામનો કરી શકાય અને બૂથ સ્તરે માઇક્રો-મેનેજમેન્ટ સિસ્ટમ.

ભાજપનો ઉદય વર્ષોથી શિવસેનાના પાયાના સતત ધોવાણ સાથે થયો, જેનું મુખ્ય કારણ શહેરનું વધતું કોઝ્મપોલિટેનિઝમ (મહાનગરીય કલ્ચર) છે. ભાજપે શિંદેની શિવસેના અને અજીત પવારની એનસીપી સાથે જોડાણ કરીને હવે સ્થાનિક નેતૃત્વ નેટવર્ક સુધી પહોંચ મેળવી લીધી છે અને સાથેસાથે તેનાં હરીફોને કમજોર બનાવી દીધાં છે. ભાજપે બીએમસીમાં લગભગ 150 બેઠકો પર ચૂંટણી લડવાનો અને જીતવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. રાજ ઠાકરેએ પહેલેથી જ જાહેરાત કરી દીધી છે કે, ‘‘મુંબઈનો આગલો મેયર એક મરાઠી હશે અને અમારો હશે’’

વિધાનસભા અને મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં હાર બાદ ઉદ્ધવ ઠાકરે માટે તે કામ કરે છે કે નહીં તે જોવાનું રહેશે. પહેલેથી જ મહાયુતિએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પહેલા તબક્કામાં શાનદાર જીત મેળવી લીધી હતી, જેનાં પરિણામો 21 ડિસેમ્બરે જાહેર થયાં હતાં, જેમાં 288 મ્યુનિસિપલ કાઉન્સિલમાંથી 207 બેઠકો જીતી હતી.

ભાજપે 117 કાઉન્સિલ પ્રમુખપદો મેળવ્યાં હતાં. ભાજપ માટે મુંબઈ નગરપાલિકાની ચૂંટણી જીતવી મહારાષ્ટ્રમાં ‘અંતિમ પડાવ’ જેવું છે. તેનાથી વિપરીત, ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે માટે તે બાલ ઠાકરેના વારસાના અસલી વારસદાર તરીકે જોવા વિશે છે. આ ચૂંટણી એ વાતની પણ જાણકારી આપશે કે મરાઠી ગૌરવનો એજન્ડા હજી પણ મતદારોને પ્રભાવિત કરી શકે છે કે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# “સાક્ષાત્કાર એ માનવ મસ્તિષ્કની ઘટના છે” - શ્રી રમણ મહર્ષિ

અવારનવાર

ડૉ.નાનક ભટ્ટ

આજથી 125 વર્ષ પહેલાં 16 વર્ષનો એક વિદ્યાર્થી ઘર-પરિવાર છોડી દક્ષિણ ભારતનાં અરુણાચલ નામના નિર્જન પર્વત પર પહોંચ્યો. શિવપર્વત તરીકે ઓળખાતા ડુંગર ઉપર વેંકટરામન નામે મદુરાઈનો બાળક લગભગ મૂર્છિત અવસ્થામાં અઢી-ત્રણ વર્ષ સુધી ધ્યાનસ્થ રહેતા તેનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. જંગલના જીવજંતુએ માથાનાં બરછટ વાળમાં ઘરે માંડી દીધેલો. તેમ હાડ-માંસ ચુસતા જીવાણુઓએ પણ જમાવડો કરેલ.

માનવશરીરની તદ્દન સહજ અવસ્થામાં સદા મૌન રહેનાર બાળકની ડુંગરનાં ગોવાળો થોડી કાળજી લેતા, પરંતુ ડુંગરના હિંસક પ્રાણીઓને બાળક પાસે શાંતભાવે બેઠેલા જોઈ વટેમાર્ગુઓને પણ સુખદ આશ્ચર્ય થતું. ક્યારેક કોઈ ફળ-કપડાં લઈને આવતું. નિર્જન સ્થળે બેઠેલા બાળકથી કોઈ પરિચિત નહોતું, પણ કિશોર અવસ્થાનું રમણીય સ્વરૂપ નીરખતા આમ લોકો તેને “રમણ’ નામે જાણવા લાગ્યા. તેમ તેના મૌન પ્રભાવથી મનની શાંતિ પામતા મુલાકાતીઓએ પછીથી તેને મહર્ષિ (જ્ઞાની) નામ આપ્યું. વર્ષ 1896 થી 54 વર્ષ સુધી અરુણાચલનાં ડુંગરોના બે કિલોમીટરના વિસ્તારથી કદી બહાર ન જનાર રમણ મહર્ષિ માટે તેમની મૌન શક્તિનો પ્રવાહ ઉપદેશનું સર્વોચ્ચ પ્રભાવશાળી માધ્યમ રહ્યું. એક નાની લંગોટી, પાણી કે ખોરાક માટેનું કમંડળ અને શરીરના ટેકા માટે એક લાકડી રાખી ચોવીસે કલાક સામુદાયિક ખંડમાં વસતા મહર્ષિની સરળતા મુલાકાતીઓ માટેનો અહોભાવ બની રહેતું.

વિશ્વમાં એકમાત્ર શુદ્ધ ચેતનાનું જ અસ્તિત્વ છે અને એજ માત્ર સત્ય છે. તેવા મત ધરાવતા શ્રી રમણ મહર્ષિના મૌન પ્રભાવથી આકર્ષાયને વર્ષ 1925થી ભક્તોની મુલાકાત વધવા લાગી. ભાવિકોને તેઓ વક્તવ્ય તો નહોતા જ આપતા પણ પાછલી અવસ્થામાં મુલાકાતીઓનાં સ્નેહભાવે ક્યારેક પ્રશ્નોના જવાબ આપતા. દક્ષિણ ભારતમાં પ્રચલિત તામિલ, તેલુગુ અને મલયાલમ ભાષામાં અપાતા જવાબોનું તે સમયે ડિજિટલ રેકોર્ડિંગ શક્ય નહોતું બન્યું. પણ નોંધ રૂપે સચવાયેલ વાતોને પછીથી રમણ આશ્રમનાં પુસ્તકાલય વિભાગનાં નિવાસી ભક્ત ડેવિડ ગોડમેને Be As You Are નામના મથાળેથી સંકલિત કર્યા.

‘આત્માનુભ’ તેજ જ્ઞાનની ઉપાધી જાણનાર શ્રી રમણ ભક્તોને કહેતા, તમારું વર્તમાન જ્ઞાન તમારા અહંકારને કારણે છે. તમે આત્મ સાક્ષાત્કાર કરો છો, તેમાં કંઈ નવું મેળવવાનું નથી, કઈ દૂર રહેલ તત્વને પ્રાપ્ત કરવાનું નથી, પ્રશ્ન નહી પરંતુ પ્રશ્નના કારણ પ્રત્યે સજાગ રહેવાનું ઈચ્છતા શ્રી રમણ જણાવતા કે જાગ્રત, સુષુપ્ત કે સ્વપ્ન જેવી અવસ્થા માણસના અહમનું નિસ્યંદન છે. ચલચિત્રનાં પડદા ઉપર બધુ આવન-જાવન માત્ર છે.

રામકૃષ્ણ પરમહંસ માફક નજીવા અક્ષરજ્ઞાનથી કંઈ વધુ પંડિતાઈ ન જાણનાર શ્રી રમણ પણ રોજ બરોજનાં જીવનનાં પ્રસંગો ટાંકી કહેતા, ‘લાલ રંગના ચશ્માંમાંથી સૂર્ય લાલ દેખાય છે, તેમ માણસ માયામય પ્રતિભાસિક જગતમાં રહેવા ટેવાયો છે આથી માનવ ઉર્જાને, આત્મા અથવા સચિદાનંદ નામથી ઓળખતો થયો છે.”તેઓ એમ કહેતા કે ગાઢ નિંદ્રામાં તો માણસ પાસે કશું હોતુ જ નથી શરીર પણ નથી હોતું. પણ આવા સમયે માણસ દુ:ખના બદલે સંપૂર્ણ સુખ અનુભવે છે.

પ્રાણીમાત્રનું શરીર ગાઢ નિંદ્રા જ ઈચ્છે છે ત્યારે એ સમજવું કે આનંદ પ્રાણીમાત્રને આંતરિક સ્વભાવ છે. જે બહારથી શોધવાની વસ્તુ જ નથી. એક સાધકે શ્રી રમણને પ્રશ્ન પૂછ્યો, ‘મારા દેહને મુક્તિ ક્યારે મળશે?’

થોડા વિચલિત ભાવે પ્રત્યુત્તર આપતા કહ્યું, આ પ્રશ્ન જ સ્વીકાર્ય નથી, કારણ કોઈ બંધન નથી આથી કોઈ મુક્તિ પણ નથી. હું શરીર છું તેવા ખોટા ખ્યાલો જ બધા ઉપદ્રવનું કારણ છે. સાક્ષાત્કાર જેવું કંઈ નથી માત્ર આવરણ ભંગ છે. પોતાની મૂળ અવસ્થામાં રહીએ. બસ, એટલી સાદી વાત છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસને પણ એક જીજ્ઞાસુએ પુછેલું, બાબાજી મારામાં ઈશ્વર પ્રત્યે ક્યારે ભાવ પ્રગટ થશે. ત્યારે જવાબ આપતા રામકૃષ્ણે કહેલું, “તમે રાત્રે સુવા જાવ છો ત્યારે પરિવારના સભ્યોને કહે છે કે મને પેશાબ આવે ત્યારે જગાડજે...’ મા પ્રત્યેનો ભાવ શરીરનો ધર્મ છે. પાણીને હલાવ હલાવ ન કરે તો આપમેળે કચરો છૂટો પડી જાય છે. આજ ભાવને વ્યક્ત કરતા રમણ મહર્ષિ કહે છે મુકિત આત્માની સહજ અવસ્થા છે. લોકો અહમને નિષેધ કરતા નથી આથી શાસ્ત્રો માયા અથવા લીલા કે અવતારની વાત કરે છે.

આ તો હોડીમાં બેસી પાણીમાં હોડી શોધવાની વાત છે. અજ્ઞાન જેવી કંઈ ચીજ નથી. આ જાણવું તે જ તમામ અધ્યાત્મિક ઉપદેશનું આખરી લક્ષ છે. શ્રી રમણ સાધકને આગળ જણાવતા કહે છે. આજકાલ ધર્મના નામે કલ્પનાતીત ભેદનું સર્જન થાય છે અને પછી તેના વિસર્જનની વિધિ શાસ્ત્રના નામે આપવામાં આવે છે. આ તો કેવી સાધના? આથી શાંતિ નથી, તેવો વિચાર સુદ્ધા છોડી દો.

**એક સાધકે શ્રી રમણને પ્રશ્ન પૂછ્યો, ‘મારા દેહને મુક્તિ ક્યારે મળશે?’ થોડા વિચલિત ભાવે પ્રત્યુત્તર આપતા કહ્યું, આ પ્રશ્ન જ સ્વીકાર્ય નથી, કારણ કોઈ બંધન નથી આથી કોઈ મુક્તિ પણ નથી. હું શરીર છું તેવા ખોટા ખ્યાલો જ બધા ઉપદ્રવનું કારણ છે. સાક્ષાત્કાર જેવું કંઈ નથી માત્ર આવરણ ભંગ છે**

તિરૂવરણામલયના આશ્રમમાં શ્રી રમણ પાસે એકત્ર થતો સમુદાય મૌનીબાબા પાસે કલાકો સુધી બેસી પોતાના મનનાં પ્રશ્નો ના આપ સમાધાન મેળવતો. તે ક્યારેક રમણ મહર્ષિ પોતે પોતાની જાતને (સ્વગત) કંઈ કહેતા હોય તેમ બોલી નાખતા. ‘પોતાના સ્વરૂપની ખોજ કરતા રહેશો તો અંતમાં ખબર પડશે કે મન જેવી કોઈ વસ્તુ જ નથી મન એ વિચારોનો સમૂહ માત્ર છે. માનવ અહંકારનું કારણ શરીર છે અને અહંકાર ક્યારેય પોતાના મૃત્યુની સહમતિ આપતો નથી.”

આવી સરળ વાતને અટપટી બનાવી ટીવીના પડદે ધંધાર્થી ધર્મ ઉપદેશકે આજકાલ જ્ઞાતિના સંગઠનોથી વિકાસ, તાવીજ અને પ્રસાદથી મુકિત, ગુરુ ભક્તિથી આશીર્વાદ અને પોતાના ધર્મ-સંપ્રદાય સાથે જોડાએલા લોકોની સંખ્યાબળે રૂપિયા-પૈસા જોખવામાં પડયા છે. ત્યારે જોઈ શકાય કે સમાજનું જ્ઞાન પોતાના જીવન આધારિત બની બેઠું છે.

આ વિચારના લેખક તરીકે હું રમણ આશ્રમમાં રહી બેંગ્લોર પરત આવ્યો અને વિશ્વેસરૈયા સાયન્સ મ્યુઝિયમની મૂલાકાતે ગયો ત્યારે પ્રદર્શનમાં મુકેલ બરફનું માણસ આકારે બાવલું જોવા મળ્યું. તેના નીચે લખ્યું હતું ઉર્જાનું સ્થાઈ સ્વરૂપ હવામાનો ભેજ (HO ગેસ) છે. તે ઠંડો થતા અને તેના પર ગુરુત્વાકર્ષણબળ અસર કરતા વરાળમાં, તે પછી પાણીમાં (H0 લિક્વીડ) અને આ પાણી શૂન્ય ડીગ્રીથી નીચેના અંકે પહોંચતા તે બરફ (H0 સોલિડ) સ્વરૂપે રૂપાંતરિત થાય છે. આ ઘન આકારમાંથી ઉષ્ણતામાન, ગુરુત્વાકર્ષણબળ અને એરડસ્ટ નીકળી જતા તે આપોઆપ ઉર્જામાં રૂપાંતરિત થાય છે. એક કાચની પટીમાં જ બનતી અને મટી જતી ઘટના જ પૃથ્વીના પર્યાવરણમાં માનવ આસપાસ ઘટે છે.

ઉર્જામાંથી દેહનું નિર્માણ થાય છે અને આપમેળે વ્યક્તિનો અહમ નિર્બળ થતા શરીરના કોષો રસાયણિક પધ્ધતિએ સમાપ્ત થઈ જાય છે ને ફરી ઉર્જામાં વિલિન થાય છે. આવી સાદી વાતને ગૂંચવીને અધ્યાત્મવાદ તરીકે પ્રચલિત કરનાર સાધુ સંતો વ્યવસાય કરી લે છે તે ઠીક છે, પણ વાચક તરીકે શ્રી રામકૃષ્ણ અને રમણ જેવા સાચુકલા માણસની વાત સમજી જાણીએ કે ધર્મ એટલે મનનું વિજ્ઞાન અને ભગવાન એટલે અરીસો. તેથી જ નરસિંહ મહેતાએ મંત્ર તંત્રનો ભેદ-ભરમ ઊભો રાખનારને આજથી ૫૭૫ વર્ષ પહેલા કહેવું પડયું પીડે-બ્રહ્માંડે. શ્રી રમણ પણ ડંકાની ચોટે કહે છે, “જગત રસાયણ ખેલ છે”

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દારૂબંધી પર શંકરસિંહ વાઘેલાના નિવેદને ચર્ચા ગજવી છે

ગુજરાતમાં વર્ષોથી દારૂબંધી કાગળ પર ચાલે છે. કોઈ પણ સત્તાધારી પક્ષ ગાંધીજીને આગળ કરીને દારૂબંધીના હિમાયતી કરતા. પણ રોજબરોજ સમાચાર હોય જેમાં દારૂ, ડ્રગ, અફીણ પકડાયું હોય. ગુજરાતની વધતી જનસંખ્યાને આધારે દરરોજની ઘટના જોતા દારૂબંધી કહેવું ગુજરાત માટે હાસ્યસ્પદ લાગે છે. પૂર્વ મુખ્યમંત્રીએ જે મીડિયામાં સ્પષ્ટતા કરી છે. તેના પર ખરેખર ગહન વિચાર કરીને કયા પ્રકારનો દારૂ ગુજરાતમાં વેચાણ થઈ શકે તેની સ્પષ્ટતા કરીને આખા ગુજરાતમાં ભ્રષ્ટાચાર રૂપે પોલીસ અધિકારીઓના ખાતામાં જતા પૈસા સીધા જ સરકારના ખાતામાં જમા થશે. રેવન્યુ રેકોર્ડ મજબૂત થશે. હપ્તા ખોરી બંધ થશે. 31 ડિસેમ્બર જેવા દિવસોએ ગુજરાતની જનતા દારૂની ચર્ચા પડતી મૂકાશે. ગુજરાતની સમજદાર થઈ ગઈ છે. આખા ભારતમાં દારૂબંધી નથી એટલે ગુજરાતમાં 24, કલાક રખેવાડી કરવામાં આવશે તો પણ દારૂ ગુજરાતમાંથી જવાનો નથી. વીઆઈપી લોકો માટે પરમિશનથી ખુલ્લેઆમ દારૂ પી શકાય. તો સામાન્ય વર્ગ માટે આ નિયમ લાગુ કેમ નથી. ગામડાનો વ્યક્તિ પણ આજે આ વાંચી રહ્યો છે. તો સરકારને બેવડા નીતિથી કેમ ન માહિતગાર હોય. દારૂબંધીના નારા લગાવવાનું હવે બંધ કરો અને ગુજરાતનું દેવું પણ સારું એવું ભરપાઈ થાય તે માટે પણ વિચારીને દારૂબંધી હટાવી લેવી જોઈએ.

તાપી - હરીશકુમાર ચૌધરી

## સુરતમાં વધુ ને વધુ જનતા રેડ પાડે

સુરતમાં પાલનપુર ગામના મહાદેવ ફળિયામાં દેશી દારૂનો અડ્ડો ઘણા લાંબા સમયથી યજ્ઞેશ નામનો બુટલેગર ચલાવે છે. આને કારણે પરિસ્થિતિ એટલી વણસી ગઈ હતી કે મહિલાઓ અને યુવતીઓ માટે સુરક્ષાનો પ્રશ્ન બની ગયો હતો. મહિલાઓ અંતે કંટાળીને ‘‘જનતા રેડ’’ માટે ભેગી થઈ અને બુટલેગરને વિનંતી આપ્યો કે ‘‘તમને લોકોને શું નડે છે?’’ આથી મહિલાઓ ઉશ્કેરાઈ ગઈ અને દારૂની પોટલીઓ રસ્તા પર ફેંકી દીધી. જનતા રેડની પોલીસને ખબર પડતાં પાલની પોલીસ ત્યાં આથી પહોંચી અને બુટલેગરની ધરપકડ કરી. યજ્ઞેશ પર અગાઉ પણ ગુનાઓ નોંધાયેલા હતાં. આ રીઢો ગુનેગાર હોવા છતાં પોલીસની નાક નીચે બેધડકું તેનો દારૂનો અડ્ડો ચલાવતો હતો. સુરતમાં ચાલતા ઠેરઠેર દારૂના અડ્ડાઓ પર આવી ‘‘જનતા રેડ’’ પડવી જોઈએ જેથી પોલીસતંત્રની આંખ ઊઘડશે. દારૂબંધીના કાયદાનો આવી જ રીતે અમલ થવાનો હોય તેના કરતાં તો આ કાયદાને જ નાબુદ કરવો જોઈએ! જ્યાં સુધી કાયદાનો કડકાઈથી અમલ ન થશે, ત્યાં જ્યાં સુધી ગુનેગારોને યોગ્ય સજા થશે નહિ ત્યાં સુધી ક્રાઈમ રેઈટ વધતો જ જશે! ભારત અને પશ્ચિમ દેશોનો આ જ તફાવટ છે!

યુ.એસ.એ- ડો.કિરીટ એન ડુમસિયા

## શાળામાં છાપાંનું વાંચન ફરજિયાત કરવું

ઉત્તર પ્રદેશ સરકારે શાળામાં છાપાંનું ૧૦ મીનીટનું વાંચન ફરજિયાત કર્યું છે જે અત્યંત સ્તુત્ય પગલું છે. સરકાર મને છે કે, આથી બાળકોનાં સામાન્ય જ્ઞાન, શબ્દ ભંડોળ અને લેખન સુધરશે. વળી, જો બાળક અન્ય ભાષાનું છાપું કે પુસ્તક વાંચશે તો અન્ય ભાષાનો શબ્દ ભંડોળ પણ વિકસશે. અમેરિકામાં છાત્રોમાં વાંચનમાં ૪૦%નો ઘટાડો થયો છે. યુ.કે.માં ૮થી ૧૮ વર્ષની વયજૂથનાં બાળકોમાં વાંચન લગભગ અડધું થઇ ગયું છે. ભારતમાં આ પરિસ્થિતિ ખૂબ દયાજનક છે. વાંચન મગજમાં ફક્ત માહિતી જ નથી ભરતું પરંતુ પ્રેરણા પણ પૂરી પાડે છે. 2010માં નિવૃત્ત થઈને ઈટાલીયન શિક્ષક એન્તોનિયો દ કાવા ૭૯ વર્ષીય છે જે આજે પણ પોતાનાં વાહનમાં પુસ્તકો ભરી ગામડે પહોંચાડે છે જેથી બાળકો વાંચી શકે. વાંચનને ફરજિયાત બનાવવું જ રહ્યું. રૈ બ્રેડબ્રી કહે છે, લોકો પોતાની સંસ્કૃતિ વિસરી જાય એ માટે પુસ્તકોને બાળવાના નથી. તેમને વાંચવાનું ભૂલાવી દો. અડધી સદીની મારી વાંચન યાત્રાનો નીચોડ કહું તો વાંચન અપાર બળ આપે છે. પુસ્તકમાં મુદ્રિત પ્રત્યેક શબ્દમાં વજૂદ હોય છે. પ્રત્યેક વાક્ય કાનમાં કોઈ કથા કહે છે. તમામ વાક્યોની વચ્ચે એક ગૂઢ સંદેશો છુપાયેલો હોય છે. એ શોધતાં, એ વાંચતાં, એનું અર્થઘટન કરતાં આવડી ગયું તો બેડો પાર.

બારડોલી - વિરલ વ્યાસ

## બડી દુકાન, ફીકે પક્વાન

શુદ્ધ દેશી ગુજરાતી ભાષામાં કહીએ તો,નામ મોટા ને દર્શન ખોટા! મૂળે અને મુદ્દે ઘણો દેખાડો પણ ઓછો પદાર્થ અથવા ગુણવત્તા નથી તેથી જો ગ્રાહકો તમારી મોટી દુકાન (એટલે કે, ઘણું નામ અથવા દેખાડો) હોવા છતાં સંતુષ્ટ ન હોય, તો તમારે તમારી સેવા અને ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો કરવો જોઈએ, ગ્રાહક પ્રતિસાદ પર ધ્યાન આપવું જોઈએ અને દેખાવ કરતાં વધુ મહત્વ આપવું જોઈએ, કારણ કે નાના દુકાનદારો અનુભવી અને પ્રામાણિક હોઈ શકે છે!

ખેર, એ વાસ્તે શું કરવું!? તમારી દુકાનના નામ/બ્રાન્ડ સાથે મેળ ખાતી તમે જે માલ (ખોરાક) વેચો છો તેની ગુણવત્તામાં સુધારો કરો! ગ્રાહકોને પૂછો કે તેમને શું ગમતું નથી અને શું સુધારી શકાય છે! ફક્ત વાત કરવા કે દેખાડો કરવાને બદલે પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરો! ગ્રાહકનો અનુભવ વિશ્વસનીય હોવો જોઈએ! એ જ રીતે, જે વ્યક્તિ અગ્રણી દેખાવા માટે મોટી વાતો કરે છે પરંતુ વાસ્તવમાં ડિલિવરી કરવામાં નિષ્ફળ જાય છે! ટૂંકમાં, જ્યારે કોઈ મોટી દુકાન નિષ્ફળ જાય છે, ત્યારે ઢોંગ છોડી દો અને તમારી પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે પ્રદર્શન અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરો!

ગોપીપુરા, સુરત- સુનીલ રાજેન્દ્ર બર્મન

## આઈપીએલ પર પ્રતિબંધ હોવો જોઈએ

આઈપીએલની મેચો પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકાવો જોઈએ કારણકે આઈપીએલની મેચો દેશ માટે તમામ રીતે અહિતકારી છે. કેવી રીતે? જોઈએ. આ મેચો ખાસ્સી ત્રણ મહિના સુધી ચાલે છે અને તેના સમયગાળા દરમ્યાન શાળા અને કોલેજોમાં પરિક્ષા ચાલતી હોય છે અને મોટેભાગે વિદ્યાર્થીઓ ભણતરને બાજુએ મૂકીને આ મેચો જોતા હોય છે. દેશના વિદ્યાર્થીઓના ભાવિ સાથે આવા ચેડા અસહ્ય ગણાવા જોઈએ. બીજું જે કંપનીઓ તેને સ્પોન્સર કરે છે તે કંપનીઓ જેટલા પૈસા ચૂકવે છે તેટલી રકમ પ્રમાણે તેના પ્રોડક્ટની કિંમતમાં વધારો કરે છે જેને લીધે મોંઘવારી વધે છે. વળી મેચો રમવા માટે ખેલાડીની પસંદગી કરવા માટે કરોડોની હરાજી બોલાય છે જેમા વિદેશી ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે જેમને ચૂકવણું વિદેશી હુંડિયામણમા કરવું પડે છે જેથી દેશના અમૂલ્ય એવા વિદેશી હુંડિયામણનો વેડફાટ થાય છે તે પણ દેશ માટે અહિતકારી જ છે. તદુપરાંત સટ્ટા બજારને મોકળું મેદાન મળી જાય છે. એવુ લાગી રહ્યું છે હાલમા જે ક્રિકેટ રમાય છે તે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને ખેલાડીઓને માલામાલ કરવા માટે જ રમાય છે.

નાનપુરા, સુરત- સુરેન્દ્ર દલાલ

## નવસારીમાં બસ ડેપો છે કે શોપીંગ સેંટર

નવસારી બસ ડેપોનું આધુનિકરણ કરવામાં આવ્યું તે આવકાર્ય છે. પરંતુ સુવિધા વધારવાને બદલે દુવિધામાં પરિણમ્યું લાગે છે. જે નીચે મુજબ છે. બસોની અવરજવર માટે ખૂબ જ ઓછી જગ્યા ફાળવવામાં આવેલ છે. જે ડેપો રસ્તાને સંલગ્ન હોવો જોઈએ તેને બદલે ખૂબજ પાછલા ભાગે ધકેલી દેવામા આવેલ છે. જેને લઈને પેસેન્જરને ખાસ કરીને મોટી ઉંમરના સિનીયર સિટીઝને મૂળ ડેપો પર આવતા ખૂબ જ સમય લાગે છે. જેને લઈને બસ ચૂકી જવાનો પણ અંદેશો રહે છે. વધુમાં ચાલવાની જગ્યામાં ગ્રેનાઈટ્ના મીરર પોલીશ કરેલા ટાઈલ્સ પાથરવામા આવેલ છે. જેથી ચાલીને ડેપો સુધી જવામાં ખૂબ જ જોખમ રહે છે કે સ્લીપ થઈ જવાનો કે પડી જવાનો સતત ભય રહે છે. એવું પ્રતીત થાય છે કે ફક્તને ફક્ત આવક વધારવા જ દુકાનોની હારમાળા ઉભી કરવામા આવી છે. જેને લઈને ડેપોનો ૮૦ ટકા ભાગ લઈ લેવામાં આવેલ છે. જેથી આધુનીકરણ કરેલ બસ ડેપોનો નાગરીકોની સુવિધા વધારવાને બદલે દુવિધા વધારેલ છે એવું સ્થાપિત થાય છે.

નવસારી - આઈ.જી પટેલ